| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૨૦/૦૪/૨૦૨૪ | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૨૦/૦૪/૨૦૨૪ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૧૭/૦૫/૨૦૨૪ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૭ માં, મું.અમદાવાદ.**

**ક્રિ.કેસ નં.47340/2024**

**આંક–**

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| | **વિ.** |
| **આરોપી** | **૧. વસંત ઉર્ફે બચ્ચી સા/ઓ ત્રિકોલીનાથ કહાર, ઉ.વ.પુખ્ત, રહેઃ અમદાવાદ.** |

ફરીયાદ પક્ષે વિ એ.પી.પી. શ્રી પંચાલ
બચાવ પક્ષે વિ વ શ્રી ડી.એ.ચૌહાણ

| |
|---|
| આક્ષેપિત કલમો : ઈ.પી.કો. કલમ–૩૮૦,૪૫૪, ૪૫૭ મુજબ |

**–::: ઠ રા વ :::–**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકતો એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૨૫/૦૨/૨૦૨૪ ના કલાક ૨૦/૦૦ થી તા.૨૬/૦૨/૨૦૨૪ ના કલાક ૦૮/૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે ફરીયાદીશ્રીના અમરાઈવાડી મથુર માસ્તરની ચાલીની બાજુમાં આવેલ બી.એમ.એસ્ટેટ માં શેડ નં.૫ માં જય જલારામ એન્જીનીયરીંગ વર્કર્સ નામના લોખંડના કારખાનાનું છતનુ પતરૂ તોડી કારખાનામાં પ્રવેશ કરી ટેબલના

ડ્રોઅરમાં પડેલ આશરે રોકડા રૂ.૧૨,૦૦૦/– ની મતાની ચોરી કરી ઈ.પી.કો. કલમ–૩૮૦,૪૫૪, ૪૫૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો. તે બાબતની ફરિયાદ નોંધાતા તક શ્રીએ તપાસ કરીને પુરતા પુરાવા હોઈ અત્રેની કોર્ટમાં ચાર્જીટ દાખલ કરેલ. સદર કામે ગુનો નોંધાતા આ કામના તપાસ કરનાર અમલદારે લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લીધેલાં, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું અને આ કામના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં ચાર્જશીટ કરેલું.

(૨) આરોપી જામીન ઉપર મુકત થયેલ હોઈ, તેમને સમન્સ કાઢતા મુદતે કોર્ટ સમક્ષ હાજર થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી સામેનો ગુનો વોરંટ ટ્રાયેબલ હોઈ આંક–૩ થી આરોપી સામે તહોમતનામુ ફરમાવી આંક–૨ થી આરોપીની પ્લી લેતા, તેઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. તેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલાં છે :–

| આંક | વિગત |
|---|---|
| **03** | તહોમતનામું |
| **04** | પ્લી |
| **05** | ફરિયાદી મનોહરસિંહ દર્શનસિંગ જેઠવાની સોગંદ પરની જુબાની |
| **06** | ફરિયાદ |
| **07** | પંચનામુ |
| 08 | પંચનામુ |
| 09 | કલોઝીગ પુરસીસ |

**૪.** આ કામે પુરાવાના અંતે આરોપીનુ વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો ન હોઈ આરોપીનુ વિશેષ નિવેદન લેવામા આવેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા

આરોપીઓ તરફેનાં વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળી.

**૫.** ઉપરોક્ત સંજોગોમાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદદાઓ ઉપસ્થિત થાય છે.

(૬) પક્ષકારોના પક્ષ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ–

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૨૫/૦૨/૨૦૨૪ ના કલાક ૨૦/૦૦ થી તા.૨૬/૦૨/૨૦૨૪ ના કલાક ૦૮/૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે ફરીયાદીશ્રીના અમરાઈવાડી મથુર માસ્તરની ચાલીની બાજુમાં આવેલ બી.એમ.એસ્ટેટ માં શેડ નં.૫ માં જય જલારામ એન્જીનીયરીગ વર્કસ નામના લોખંડના કારખાનાનું છતનુ પતરૂ તોડી કારખાનામાં પ્રવેશ કરી ટેબલના ડ્રોખરમાં પડેલ આશરે રોકડા રૂ.૧૨,૦૦૦/– ની મતાની ચોરી કરી ઈ.પી.કો. કલમ–૩૮૦,૪૫૪, ૪૫૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોક્ત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે :–

***<u>મુદ્દા નંબર :– ૧</u>***

૯. આ કામે સૌ પ્રથમ પુરાવો જોવામાં આવેતો **ફરીયાદી એ** જાતે કોર્ટ માં પોતાની ઓળખ પ્રસ્થાપીત થાય તે રીતે આ કામે નીવેદન કરેલ છે જે મુજબ તેણે હવે કેસ આગળ ચલાવવા નો ઈન્તેજારી બતાવેલ નથી. તથા તે સબબ ઈન્કાર કરેલ છે. તે સબબ આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે કરેલ પરિપત્ર ૫/૭/૨૦૧૬ તથા તેમાં જણાવેલ નામાદર કેરાલા હાઈકોર્ટ નો જજમેન્ટ Y P BAIJU VSS STATE OF KERALA CRI M C 3212/2007 TYF

YESUDAS VS SUB INSPTECTOR OF POLICE KALAMASSSERY CRI MC 3606/2007 મુજબ કોન્ઝાઈલેશન એ એક તરફી પ્રક્રીયા છે. તથા બે બાજુની પ્રક્રીયા નથી. જે બાબત હાલ નાં કેસમાં પણ સુસંગત છે. જે સબબ જયારે જયુડીશીયરી પણ કેસો નુ ખુબ જ ભારણ છે અને કેસ માં વધુ કોઈ બાબત હવે બહાર આવી શકે તેમ નથી. તે સંજોગો મા આ કેસ હવે ચાલુ રાખવાથી પણ કોઈ ફળદાયી હકીકત બહાર આવી શકે તેમ નથી.

(૧૦) વધુમાં, નામ. સુપ્રિમ કોર્ટે પ્રસિધ્ધ કરેલ **1998** CRI. L. J. **2481** State of Karnataka v. G. Narayanamurthy AIR **2008** (SC) pG **1969** & **2012** ACC (**76**) pG **279** Shiji @ Pappu Vs Radhika સહીતનાં સંખ્યા બંધ ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, સામાન્ય રીતે કોર્ટોએ જયારે પક્ષકારો વચ્ચે વ્યકિતગત તકરાર હોય તથા મુખ્ય ફરીયાદી ભોગબનનાર વિમુખ થયેલ હોય અને ફરીયાદ પક્ષ ને બીલકુલ સપોર્ટ કરેલ ન હોય તો તે અંગે કોર્ટ તેનો કીમતી સમય અન્ય સાહેદો ને તપાસવામાં વ્યર્થ કરવો જોઈએ નહી. કોર્ટ માં કેસો નુ ભારણ છે. તથા તે અંગે જો ફરીયાદી મુખ્ય ભોગબનનાર જ જાતે વિમુખ હોય અને ફરીયાદ પક્ષ ને સપોર્ટ કરેલ ન હોય તો આ સંજોગો માં આરોપી સામે નો કેસ ક્રીમીનલ જયુરીશપૃડંશ મુજબ ની:શંક પુરાવાથી પુરવાર થઈ શકે નહી

.વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં: ૮૫** પ્રસિધ્ધ કેસ **સતીષ મહેરા વિ દીલ્હી એડમીનીસ્ટ્રેશન** ના ચુકાદા માં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્ર તીપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદો એ ફરીયાદ પક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકી નાં સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

આંક ૦૫ થી ફરીયાદી સંજયભાઈ ભુરાભાઈ રામોલીયા ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ બે માસ અગાઉ રાત્રીના સમયે તેઓના અમરાઈવાડી ખાતે આવેલ બીએમ.એસ્ટેટ શેડ નંપ માં જલારામ એન્જી. વર્કસના લોખંડના કારખાનામાં રાત્રીના સમયે બનેલ બનાવમાં તેઓ સવારે તેઓના કારખાને ગયા સીમેન્ટનુ પતરુ તુટેલ હતુ અને ત્યા પડેલ સામાન વેરવીખેર હતો અને ટેબલમાં મુકેલ પૈસા ગાયબ હતા જેથી તેઓ આજુબાજુ પુછપરછ કરી તપાસ કરેલ અને ચોરી થયેલ નુ જણાતા તેઓ બનાવની ફરીયાદ આપેલ તેઓને ફરીયાદની નકલ બતાવતા જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે ને રજુ દાખલ આંક– ૦૬ આપવામાં આવેલ છે. આરોપી ને તેઓ ઓખતા નથી.

આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે એ વાત ખરી છે કે બનાવ રાત્રીના સમયે બનેલ એ વાત ખરી છે કે તેઓ તેઓની પોલીસ ફરીયાદમા શંકાસ્પદ ઈસમનુ નામ સરનામુ તથા શરીર વર્ણન લખાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે પોલીસે કોઈ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાખ ખરી છે કે ફરીયાદના થોડા સમય બાદ તેઓના ડ્રોઅરમાથી ગુમ થયેલ પૈસા તેઓને મળી ગયેલ છે.

પુરાવાનું મુલ્યાંકન

રેકર્ડ પર રજુ થયેલ પુરાવાઓ જોતા જેમા ફકત ફરીયાદી એક માત્ર ભોગ બનનાર છે જેઓ પોતાની ફરીયાદને સમર્થન કરેલ છે પરંતુ તેઓ પોતાની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓએ આરોપીઓને જોયેલ નથી અને તેઓને તેઓના ગુમ થયેલા પૈસા મળી ગયેલ છે.

આથી જયારે ભારત દેશમાં કોર્ટો માં ઘણાં કોન્ટેસ્ટેડ કેસો પેન્ડીગ છે ત્યારે જયારે હાલ નાં કેસ માં મુખ્ય મહત્વનાં ફરીયી તથા સાહેદે ફરીયાદ પક્ષ નાં કેસ ને સપોર્ટ કરેલ નથી ત્યારે બાકી નાં સાહેદો ને તપાસ વાથી પણ ક્રીમીનલ જયુરીશ્પૃડંશ મુજબ કેસ નીઃશંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી. આમ, ફરિયાદપક્ષના કેસની

હકીકતોને સમર્થનકારી પુરાવો આ કામે તપાસેલ ફરીયાદી ફરિયાદપક્ષ આરોપી સામે મૂકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય આ કામના આરોપીને શંકાનો લાભ મળવા પાત્ર હોવાનુ જણાય છે તથા તે સબબ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ જેથી ***મુદ્દા નં.૦૧નો જવાબ "નકારમાં"*** આપવામાં આવે છે. તથા આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

:: **<u>આ ખ રી હુ ક મ</u>** ::–

૧. આ કામના આરોપી **વસંત ઉર્ફે બચ્ચી સા/ઓ ત્રિકોલીનાથ કહાર** ને ફોજદારી કાર્યવાહી સંહીતા, ૧૯૭૩ની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ–૩૮૦,૪૫૪, ૪૫૭ મુજબનો ગુનામાંથી શંકાનો લાભ આપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓને આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે, તે રીતે છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭ એ અન્વયે રૂ.૧૦,૦૦૦/– ના જામીન આપવા.

૩. અન્ય મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવા તેમજ અન્ય બીનકીમતી મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો અને જો મુદ્દામાલનો હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ અરજદારની ઓળખની ખરાઈ કરી, કાયદેસરના દસ્તાવેજો લઈ પરત કરવો. આ કામે તક એ ન અપાયેલ હોય તેવો કીમતી મુદ્દામાલ રોકડ રકમ વિગેરે ફરીયાદી ને બીલ, ઓળખ વિગેરે ખરાઈ કરીને ફરીયાદી ને સોંપવો.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૭/૦૫/૨૦૨૪
અમદાવાદ.

(કુ.શબાના અબ્દુલકાદર મન્સુરી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૭, અમદાવાદ
કોડ નં. જીજે૦૧૦૨૪.